DB-19080001010300 Seat No. ______

B. Com. (Sem. I) (CBCS) (W.E.F. 2019) Examination

March - 2022

Financial Accounting-I

Time : **2.30** Hours] [Total Marks : **70**

સૂચના : (1) બધા પ્રશ્નોનાં ગુણ સરખા છે.

(2) કોઈપણ ચાર પ્રશ્નોનાં ઉત્તર આપો.

1 A અને B એક પેઢીના 3:1ના પ્રમાણમાં ભાગીદારો છે. તા. 31-3-2020ના રોજ તેઓએ B અને Cની સમાન પ્રકારનો ધંધો કરતી પેઢી સાથે સંયોજન કરવાનું નક્કી કર્યું. B અને C 2:1ના પ્રમાણમાં અનુક્રમે ABCનો 3:2:1 રહેશે. આ તારીખનાં બંને પેઢીનાં સરવૈયા નીચે મુજબ છે : **17.5**

તા. 31-3-2020ના રોજનાં પાકાં સરવૈયા

દેવાં	AB (રૂ.)	BC (રૂ.)	મિલકત	AB (રૂ.)	BC (રૂ.)
મૂડી ખાતાં :		-	મકાન	50,000	-
A	2,40,000		મશીનરી	1,50,000	1,60,000
B	1,60,000	2,00,000	ફર્નિચર	20,000	6,000
C	-	1,00,000	સ્ટોક	1,20,000	1,40,000
અનામતો	50,000	1,50,000	દેવાદારો	1,60,000	2,00,000
લેણદારો	1,20,000	1,16,000	રોકડ હાથ પર	30,000	90,000
ABની પેઢીની લોન	-	1,00,000	બેન્ક સિલક	20,000	10,000
બેન્ક લોન	80,000	-	BC પેઢીની લોન	1,00,000	-
			એડવાન્સ	-	60,000
	6,50,000	**6,66,000**		**6,50,000**	**6,66,000**

બંને પેઢી ABC એન્ડ કંપનીએ બંને પેઢીનો ધંધો નીચેની શરતોએ લઈ લીધો :

(1) A અને Bની પેઢીના મકાનની કિંમત રૂ. 1,00,000 ગણવી.

(2) A અને Bની મશીનરીની કિંમત રૂ. 2,00,000 અને B અને Cની મશીનરીની કિંમત રૂ. 2,25,000 ગણવામાં આવી.

(3) A, B અને B, Cની પેઢીની પાઘડી અનુક્રમે રૂ. 50,000 અને 41,000 ગણવામાં આવી. નવી પેઢી ABC એન્ડ કંપનીમાં પાઘડી ખાતું દર્શાવવાનું નથી.

(4) નવી પેઢીમાં ભાગીદારોની મૂડી નવા નફા-નુકસાનના પ્રમાણમાં રાખવાની છે. આ માટે ભાગીદારો જરૂરી રોકડ લાવશે અથવા લઈ જશે.

નફા નુકસાન ખાતું, ભાગીદારોનું મૂડી ખાતું તેમજ પાકું સરવૈયું તૈયાર કરો.

2 મેસર્સ AB તથા CDની પેઢીનાં તા. 31-03-2020નાં રોજનાં પાકા સરવૈયા નીચે મુજબ છે : **17.5**

દેવાં	AB (રૂ.)	CD (રૂ.)	મિલકત	AB (રૂ.)	CD (રૂ.)
મૂડી ખાતાં :			મકાન	-	60,000
A	40,000	-	યંત્રો	25,000	-
B	20,000	-	પાઘડી	10,000	20,000
C	-	50,000	વાહનો	20,000	10,000
D	-	30,000	દેવાદારો	35,000	20,000
સામાન્ય અનામતો	10,000	5,000	રોકડ સિલક	35,000	15,000
લેણદારો	40,000	20,000			
બેન્ક ઓવરડ્રાફ્ટ	5,000	5,000			
બેન્ક લોન	10,000	15,000			
	1,25,000	**1,25,000**		**1,25,000**	**1,25,000**

બંને પેઢીઓનું સંયોજન તા. 1-4-2021ના રોજ કરવાનું નક્કી કર્યું. જેની શરતો નીચે મુજબ છે :

(1) નવી પેઢી બંને પેઢીનાં વાહનો અને દેવાદારો લેશે નહીં. મકાન રૂ. 1,00,000માં અને યંત્રો રૂ. 50,000માં લેશે. તમામ દેવાં પૈકી નવી પેઢી લેણદારો જ સ્વીકારશે.

(2) મેસર્સ CD પેઢીનાં ચોપડે નહીં નોંધાયેલ રૂ. 20,000નું કોમ્પ્યુટર નવી પેઢી લેતી નથી.

(3) મેસર્સ AB અને મેસર્સ CD દરેક પેઢીની પાઘડી રૂ. 30,000ની કિંમતે નવી પેઢી ખરીદશે.

(4) નવી પેઢીની કુલ મૂડી રૂ. 2,40,000 ભાગીદારો સરખે હિસ્સે રોકશે.

તૈયાર કરો :

(1) બંને પેઢીનાં ચોપડે જરૂરી ખાતા અને

(2) નવી પેઢીનું પાકું સરવૈયું.

3 પંજાબના પંકજે નાગપુરના નીતિનને 1-7-2021ના રોજ 300 કેલ્ક્યુલેટર્સ આડતથી વેચવા મોકલ્યાં. દરેક કેલ્ક્યુલેટરની મૂળકિંમત રૂ. 150 હતી, પરંતુ કાચું ભરતિયું, ભરતિયાના કિંમત પર 25% નફો દર્શાવે તે કિંમતે બનાવવામાં આવ્યું. **17.5**

એ જ દિવસે પંકજે નીચે મુજબના ખર્ચા કર્યા :

ગાડાભાડું 100, નૂર 200, વીમા પ્રીમિયમ રૂ. 600

એ જ દિવસે નીતિને 30,000નો બેન્કડ્રાફ્ટ પંકજને મોકલ્યો.

તા. 31-12-21ના રોજ નીતિને (આડતિયાએ) વેચાણ આંકડો અને દેવી રકમનો બેન્કડ્રાફ્ટ મોકલી આપ્યો.

વેચાણ આંકડા પ્રમાણે નીતિને (આડતિયાએ) 150 કેલ્ક્યુલેટર્સ દરેક રૂ. 220ની કિંમતે રોકડેથી વેચ્યા. 80 કેલ્ક્યુલેટર્સ દરેક રૂ. 240ની કિંમતે ગોકુલને શાખ પર વેચ્યાં તથા 40 કેલ્ક્યુલેટર્સ દરેક રૂ. 230ની કિંમતે અરવિંદને પંકજ (મૂળધણી)ની ભલામણ અને જવાબદારીથી વેચ્યાં હતાં.

નીતિન (આડતિયા)એ નીચે પ્રમાણેના ખર્ચા ચૂકવ્યા :

જકાત 450, ગાડાભાડું 150, વેચાણ ખર્ચા રૂ. 401 :

ગોકુલ અને અરવિંદ નાદાર થયા. તેમની પાસેથી 60% રકમ વસૂલ કરી શકાઈ. નીતિન (આડતિયા) વેચાણ પર 5% આડત અને ઉધાર વેચાણ પર 2% આસામી આડત મેળવવા હકદાર છે. વળી, નીતિન આડત આસામી આડત અને નફાનો ભાગ બાદ કર્યા પછીના થયેલા ચોખ્ખા નફાનો 1/8 ભાગ મેળવવા હકદાર છે.

ઉપરની માહિતીને આધારે તૈયાર કરો :

પંકજના ચોપડામાં (1) આડતમાલ ખાતું (2) આડતિયાનું ખાતું

4 સુરતની મીનાએ વડનગરની નીરૂને 30 મોબાઈલ 1-7-2021ના રોજ આડતથી વેચવા મોકલ્યા. દરેક મોબાઈલની પડતર કિંમત રૂ. 1,500 હતી, પરંતુ કાચું ભરતિયું એવી રીતે અનાજ કે ભરતિયા કિંમત પર 25 ટકા નફો દર્શાવે. **17.5**

તે જ દિવસે મીનાએ નીચેના ખર્ચ ચૂકવ્યા : લારીભાડું 1,000, વીમો 600, મજૂરી 2,000, તે જ દિવસે નીરૂએ મીનાને રૂ. 1,00,000નો બેન્કડ્રાફ્ટ મોકલી આપ્યો.

31મી ડિસેમ્બર, 2021ના રોજ નીરૂએ વેચાણ આંકડો અને લેણી નીકળતી રકમનો બેન્કડ્રાફ્ટ મોકલી આપ્યો.

વેચાણ આંકડા પરથી જાણવા મળ્યું કે :

નીરૂએ 150 મોબાઈલ દરેક રૂ. 2,200ની કિંમતે રોકડેથી, 80 મોબાઈલ દરેક રૂ. 2,400ની કિંમતે ગોકુલને શાખ પર અને 40 મોબાઈલ મીનાની ભલામણ અને જવાબદારીથી રૂ. 2,300ના ભાવે અનિલને ઉધાર વેચ્યા હતા. નીરૂએ નીચેના ખર્ચ ચૂકવ્યા હતા :

ઓક્ટ્રોય 500, લારીભાડું 250 અને વેચાણખર્ચ રૂ. 400,

ગોકુલ અને અનિલ નાદાર થયા અને તેમની પાસેથી રૂપિયે 60 પૈસા લેખે નાણાં વસૂલ થયાં.

નીરૂ તેણે કરેલ વેચાણ પર 5% સાદી આડત અને 2% આસામી આડત મેળવવા હકદાર છે :

મીનાના ચોપડે તૈયાર કરો :

(1) વડનગર આડતમાલ ખાતું (2) આડતિયા નીરૂનું ખાતું

5 તા. 1-1-2021ના રોજ ધવલ અને રાહુલ અનુક્રમે 60% અને 40% નફો વહેંચણીની શરતે સંયુક્ત સાહસમાં જોડાયા. તેઓએ અનુક્રમે રૂ. 30,000 અને રૂ. 20,000 સંયુક્ત બેન્કમાં જમા કરાવ્યા. તેઓએ સંયુક્ત બેન્કનો ઉપયોગ ખરીદી અને વેચાણ માટે જ કરવો અને ખર્ચાઓ જે ભાગીદારે તેમના અંગત ખાતામાંથી ચૂકવવા તેવું નક્કી કર્યું. **17.5**

ધવલને દર મહિને રૂ. 1,000નો પગાર અને રાહુલને તેણે વેચેલ માલની કિંમત પર 8% લેખે કમિશન આપવાનું છે. સંયુક્ત સાહસના વ્યવહારો નીચે મુજબ છે :

(1) ધવલે રૂ. 25,000નો માલ 10% વટાવે ખરીદી રૂ. 250ના ખર્ચા ચૂકવ્યા.

(2) રાહુલે રૂ. 20,000નો માલ 5% વટાવે ખરીદી રૂ. 200ના ખર્ચા ચૂકવ્યા.

(3) રાહુલે અમુક માલ રૂ. 50,000માં વેચ્યો અને ખર્ચના રૂ. 100 ચૂકવ્યા.

(4) બાકીનો માલ ધવલે રૂ. 15,000માં પોતાના અંગત ઉપયોગ માટે ખરીદ્યો.

(5) સંયુક્ત સાહસ માટે ઉધારે ખરીદેલ સ્ટેશનરી માટે ધવલે રૂ. 500 ચૂકવવાનું સ્વીકાર્યું.

(6) તા. 31-3-2022ના રોજ સંયુક્ત સાહસ બંધ થયું અને હિસાબો ચૂક્તે કર્યા.

ઉપરની માહિતી પરથી સંયુક્ત બેન્ક ખાતું, સંયુક્ત સાહસ ખાતું અને ભાગીદારોનાં ખાતાં તૈયાર કરો.

6 શ્રીચંદ અને શ્રીમાલીએ જમીનનો એક ટુકડો ખરીદી હાઉસિંગ સોસાયટી બાંધવા માટેના સંયુક્ત સાહસમાં જોડાયા. આ યોજના માટે તેઓએ સંયુક્ત બેન્ક ખાતું ખોલાવ્યું. જેમાં શ્રીચંદે રૂ. 5 લાખ અને શ્રીમાલીએ રૂ. 6 લાખ જમા કરાવ્યા. **17.5**

તેઓએ 10,000 ચો. મીટર જમીન એક ચો. મીટરના રૂ. 100 લેખેના ભાવે ખરીદી. બેન્કમાંથી નાણાં આપ્યાં.

આ માટે તેઓએ નીચે પ્રમાણેના ખર્ચા ચૂકવ્યા :	રૂ.
માટી પુરાણ કરવાનો ખર્ચ	25,000
મ્યુનિસિપાલિટીના કરવેરા	15,000
જમીનની આજુબાજુ દીવાલ કરવાનો ખર્ચ - શ્રીચંદે ચૂકવ્યો	70,000
આર્કિટેક્ટ ફી - શ્રીમાલીએ ચૂકવી	8,000
જમીનના દસ્તાવેજનો ખર્ચ - શ્રીમાલીએ ચૂકવ્યો	15,000
સ્ટેશનરી અને પરચૂરણ ખર્ચ-શ્રીચંદે ચૂકવ્યો	5,000
જાહેરાતનો ખર્ચ - શ્રીમાલીએ ચૂકવ્યો	21,000
ઝાડ કાપવાનો ખર્ચ - શ્રીચંદે ચૂકવ્યો	2,000

ઝાડનું લાકડું રૂ. 11,000માં રોકડેથી વેચ્યું. જમીનનો 1/4 ભાગ જાહેર રસ્તાઓ માટે છોડવામાં આવ્યો. જમીનનો 1/10 ભાગ કોમન પ્લોટ માટે છોડવામાં આવ્યો. જમીનના દલાલો મારફતે 300 ચો. મીટરનો એક એવા 10 પ્લોટ રૂ. 250 દર ચોરસ મીટરના ભાવે રોકડેથી વેચવામાં આવ્યા. દલાલોને વેચાણ કિંમત પર 5% લેખે દલાલી ચૂકવી. શ્રીમાલીએ 300 ચો. મીટરનો એક એવા 2 પ્લોટ પડતર કિંમત પર 10%ના નફાથી ખરીદ્યા. શ્રીચંદે 300 ચો. મીટરનો એક એવા 3 પ્લોટ પડતર કિંમત પર 10%ના નફાથી ખરીદ્યા અને બાકીના 8 પ્લોટ દરેક (250 ચો. મીટરના) દર ચો. મીટરના રૂ. 325 લેખે રોકડેથી વેચ્યા.

શ્રીચંદ અને શ્રીમાલી 2:3ના પ્રમાણમાં નફો-નુકસાન વહેંચે છે. સંયુક્ત સાહસનું કામ પૂરું થયું છે એમ માની સંયુક્ત સાહસ ખાતું, સંયુક્ત બેન્ક ખાતું તૈયાર કરો.

7 અમર, અકબર અને એન્થોની એક પેઢીના 2:1:1ના પ્રમાણમાં નફો-નુકસાન વહેંચતા હતા. તા 1-4-2016ના રોજ તેઓની જિંદગીની 1,80,000ની સંયુક્ત જીવન વીમા પોલિસી કે જેનું વાર્ષિક 12,000 તે લેવામાં આવી. હિસાબી વર્ષ, વર્ષે 31 માર્ચના રોજ પૂરું થાય છે. **17.5**

અકબર તા. 31મી મે, 2019ના રોજ અવસાન પામ્યો. વીમા કંપની તરફથી પોલિસીની રકમ રૂ. 30,000ના બોનસ સાથે તા. 30-06-2019ના રોજ પેઢીને ચૂકવવામાં આવી. પોલિસીનું શરણમૂલ્ય નીચે પ્રમાણે હતું :

તા. 31-3-2017	શૂન્ય
તા. 31-3-2018	રૂ. 4,800
તા. 31-3-2019	રૂ. 10,400

પેઢીના ચોપડામાં સંયુક્ત જીવન વીમા પોલિસી ખાતું તેમજ સંયુક્ત જીવન વીમા પોલિસી અનામત ખાતું બનાવો.

8 ક્ષ, ય અને ઝ એક ભાગીદારી પેઢીના 2:2:1 પ્રમાણમાં નફો-નુકસાન વહેંચતા ભાગીદારો છે. તા. 1-1-2017ના રોજ તેઓએ રૂ. 3,00,000ની સંયુક્ત જીવન વીમા પોલિસી કે જેનું વાર્ષિક પ્રીમિયમ રૂ. 24,000 છે, તે લીધી. **17.5**

પેઢીનું હિસાબી વર્ષ દરેક વર્ષે 31મી ડિસેમ્બરના રોજ પૂરું થાય છે.

શરણમૂલ્ય નીચે પ્રમાણે હતું :

વર્ષ	**શરણ મૂલ્ય**
2017	શૂન્ય
2018	કુલ ભરેલ પ્રીમિયમનાં 10%
2019	કુલ ભરેલ પ્રીમિયમનાં 20%
2020	કુલ ભરેલ પ્રીમિયમનાં 30%

તા. 3-1-2021નાં રોજ ઝ અવસાન પામ્યો. વીમા કંપનીએ તા. 28-2-21ના રોજ બોનસ સહિત રૂ. 3,20,000 ચૂકવી આપ્યા.

પેઢીના ચોપડામાં-

(1) સંયુક્ત જીવન વીમા પોલિસી ખાતું

(2) સંયુક્ત જીવન વીમા પોલિસી અનામત ખાતું તૈયાર કરો.

ENGLISH VERSION

Instructions : (1) Marks of all questions are equal.
(2) Answer any four questions.

1 A and B were partners sharing profit and losses as 3:1, they agreed to amalgamate as on 31st March, 2020 with B and C carried on similar business sharing profits and losses as 2:1 and form a new firm ABC and co., where they would share profit and losses in the ration 3:2:1. **17.5**

The Balance sheets of both the firms as on 31st March, 2021 were as under :

Liabilities	**AB**	**BC**	**Assets**	**AB**	**BC**
Capital :			Building	50,000	-
A	2,40,000		Machinery	1,50,000	1,60,000
B	1,60,000	2,00,000	Furniture	20,000	6,000
C	-	1,00,000	Stock	1,20,000	1,40,000
General Reserve	50,000	1,50,000	Debtors	1,60,000	2,00,000
Creditors	1,20,000	1,16,000	Cash on hand	30,000	90,000
Due to AB Firm	-	1,00,000	Cash at Bank	20,000	10,000
Bank Loan	80,000	-	Due from		
			BC firm	1,00,000	-
			Advances	-	60,000
	6,50,000	**6,66,000**		**6,50,000**	**6,66,000**

The amalgamated firm took over the two firms on the following terms:

(1) Building of A and B Co. was valued at Rs. 1,00,000

(2) Machineries of A and B Co. and B and C Co. were valued at Rs. 2,00,000 and Rs. 2,25,500.

(3) Goodwill valued at Rs. 50,000 and Rs. 41,000 of A and B Co. and B and C Co. respectively but goodwill not appear in the books of ABC Company.

(4) Partners of the new firm would bring necessary cash to pay other partners to adjust their capital according to the new profits and losses sharing ratio.

Show necessary calculations and prepare :

(1) Profit and Loss Adjustment A/c in the books of old firm

(2) Partners' Capital A/c of old firm and New firm

(3) Balance Sheet of New Firm.

2 The Balance Sheet of two firms AB and CD as on 31-03-2020 is as under : **17.5**

Liabilities	**AB**	**CD**	**Assets**	**AB**	**CD**
Capital :			Building	-	60,000
A	40,000	-	Plant	25,000	-
B	20,000	-	Goodwill	10,000	20,000
C	-	50,000	Vehicles	20,000	10,000
D	-	30,000	Debtors	35,000	20,000
General Reserve	10,000	5,000	Cash	35,000	15,000
Creditors	40,000	20,000			
Bank OD	5,000	5,000			
Bank Loan	10,000	15,000			
	1,25,000	**1,25,000**		**1,25,000**	**1,25,000**

Firms decided to amalgamate as on 1-4-2021 on the following conditions :

(1) New firm will not purchase vehicles and debtors, building at Rs. 1,00,000, plant at Rs. 50,000 and agreed to pay creditors.

(2) New firm will not take computer of CD of Rs. 20,000 which was not recorded in the books of accounts.

(3) Goodwill to be valued at Rs. 30,000 of each firm.

(4) Total capital of the new firm is Rs. 2,40,000 shared by partners equally.

Prepare : Necessary accounts in the books of accounts of the both firm and Balance Sheet of New Firm.

3 Pankajbhai of Punjab consigned 300 calculators to Nitinbhai of Nagpur on 1-7-2021. The cost price was Rs. 150 per calculator, but the pro-forma invoice was made out at a figure so as to show a profit of 25% on invoice price. On the same day, Pankajbhai incurred the following expenses : **17.5**

Carriage Rs. 100, Freight Rs. 200, Insurance premium Rs. 600. On the same day, Nitinbhai sent a bank draft for Rs. 30,000, On 31st December, 2021, Nitinbhai (Consignee) sent at account sale bank draft for the amount payable.

According to the account sale 150 calculators were sold Rs. 220 each for cash, 80 calculators were sold at Rs. 240 each to Gokul on credit and 40 calculators were sold at Rs. 230 each to Arvind on the recommendation and responsibility of Pankajbhai (consignor).

Nitinbhai (consignee) has paid the following expenses :
Octroi Rs. 450, Carriage Rs. 150 and Selling expenses Rs. 401. Gokul and Arvind became bankrupt and 60% could be recovered from them.

Nitinbhai (consignee, is entitled to receive a commission of 5% on sales and 2% del credere commission on credit sale and Nitinbhai is also entitled to receive 1/8 share of net profits on consignment after deducting commission, del credere commission and share of profits.

From the above information prepare : In the books of Pankajbhai :

(i) Consignment Account

(ii) Consignee's (Nitinbhai) Account

4 Mina of Surat consigned 300 mobiles to Niru of Vadnagar on 1-7-2021. The cost price was Rs. 1,500 per mobile but the pro-forma invoice was made out at a figure so as to show a profit of 25% on invoice price. **17.5**

On the same day Mina incurred the following expenses. Carrage Rs. 1,000. Freight Rs. 2,000, Insurance Premium Rs. 600. On the same day Niru sent a bank draft for Rs. 1,00,000. On 31st December 2021 Niru sent at account sale and a bank draft for the amount payable.

According to the account sale 150 mobiles were sold at Rs. 2,200 each for cash, 80 mobiles were sold at Rs. 2,400 each to Gokul on credit and 40 mobiles were sold at Rs. 2,300 each to Anil on the recommendation and responsibility of Mina.

Niru paid the following expenses :

Octroi Rs. 500, Carriage Rs. 250 and selling expenses Rs. 400.

Gokul and Anil became bankrupt and 60% could be recorded from them. Niru is entitled to receive a commission of 5% on sale and 2% del credere commission on credit sale.
From the above information prepare in the books of Mina :
(i) Consignment Account (ii) Consignee's Account.

5 On 1st October, 2021, Dhaval and Rahul entered into joint venture to share profits and losses in the ratio of 60% and 40% respectively. They deposited Rs. 30,000 and Rs. 20,000 respectively into their joint bank account. They decided that joint bank account is to be used for purchase and sales, while expenses are be paid by each partner from their private funds. **17.5**

Dhaval is to paid salary of Rs. 1,000 per month and Rahul to be paid a commission of 8% on sales made by him.

(1) Dhaval purchased goods worth Rs. 25,000 at 10% discount and paid Rs. 250 for expenses.

(2) Rahul purchased goods worth Rs. 20,000 at 5% discount and paid Rs. 200 for expenses.

(3) Rahul sold some of the goods for Rs. 50,000 and paid Rs. 100 for expenses.

(4) Dhaval purchased the remaining unsold goods for Rs. 15,000 for his personal use.

(5) Dhaval agreed to pay Rs. 500 for the stationery purchased on credit for joint venture business.

On 31st March, 2022 the business was closed and accounts were settled. From the above particulars, prepare Joint Bank Account, Joint Venture Account and Co-Venturers Account.

6 Shrichand and Shrimali entered into a joint venture to purchase a piece of land and construct a housing society. For the purpose, they opened a joint bank account and Shrichand deposited Rs. 5 lacs and Shrimali deposited Rs. 6 lacs. **17.5**

The purchased 10,000 sq. metre land at Rs. 100 per sq. meter and paid money from bank. They paid following expenses for this purpose :

	Rs.
Cost of earth filling	25,000
Municipal taxes	15,000
Built a wall around the land has been paid by Shrichand	70,000
Architects fees paid by Shrimali	8,000
Registration documents exp. paid by Shrimali	15,000
Stationery and Misc. exp. paid by Shrichand	5,000
Advertisement expenses paid by Shrimali	21,000
Cutting of tree expenses paid by Shrichand	2,000

Timber wood of tree sold for Rs. 11,000 by cash. 1/4 portion of land has been allotted for public roads. 1/10 portion of lands has been allotted for common plot.

They sold 10 plots of 300 sq. meters at Rs. 250 per sq. meter for cash through land brokers. Brokers were paid 5% brokerage on selling price. Shrimali purchased 2 plots of 300 sq. meters, at cost plus 10% profit. Shrichand purchased 3 plots of 300 meters at cost plus 10% profit and rest 8 plots (250 sq. meters) were sold Rs. 325 at per meter for cash.

Shrichand and Shrimali share profit & loss in proportion of 2:3. Joint venture has been completed. Prepare Joint Venture Account, Joint Bank Account.

7 Amar, Akbar and Anthony are partners sharing profits and losses in the ratio of 2:1:1. They took out a Joint Life Policy of Rs. 1,80,000 on 1-4-16. The annual premium of the same is Rs. 12,000. The policy account is shown at its surrender value in the book of the firm. The accounting year of firm ends on 31st March. The surrender value in the different years was as under : **17.5**

Year	Surrender Value (Rs.)
31-3-2017	Zero
31-3-2018	4,800
31-3-2019	10,400

Akbar expired on 31-05-2019. Insurance company paid policy money including bonus (of Rs. 30,000), for Joint Life Policy on 30-06-2019.

You are required to prepare Joint Life Policy Account and Joint Life Policy Reserve Account in the books of the firm.

8 X, Y and Z are partners sharing profits and losses in the ratio of 2:2:1. They took out a Joint Life Policy of Rs. 3,00,000 on 1-1-17. The annual premium of the same is Rs. 24,000. The policy account is shown at its surrender value in the books of the firm. The accounting year of firm ends on 31st December. **17.5**

The surrender value in the different years was as under :

Year	Surrender Value (Rs.)
2017	Zero
2018	10% of the total premium paid
2019	20% of the total premium paid
2020	30% of the total premium paid

Z expired on 3-1-2021. Insurance company paid Rs. 3,20,000 including bonus, for Joint Life Policy on 28-2-2021

You are required to prepare Joint Life Policy Account and Joint Life Policy Reserve Account in the books of the firm.